જિલ્લામાં પંચાયતોની પેટા-ચૂંટણી નિરસ બની

કુડાસણ-મહુન્દ્રામાં ત્રિપાંખિયો જંગ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની જાહેર થયેલ પેટા-ચૂંટણીઓને લઈ કેટલીક બેઠકોને બાદ કરતાં ક્યાંય બહુ ઉત્સાહ જોવા મળતો નથી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ત્રણ ગામોમાં સરપંચપદ માટેની તેમજ ૧૧૭ જેટલી વોર્ડ બેઠકોની પેટા-ચૂંટણીના ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસ હતો.

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે સરપંચપદ માટે ત્રિપાંખિયો તો કુડાસણ ગામે એક વોર્ડની બેઠક માટે ત્રિપાંખીયો જંગ ખેલાઈ રહ્યો છે. જ્યારે ટીંટોડા અને પીંડાયડા ગામની વોર્ડની પેટા-ચૂંટણીમાં માત્ર એક જ ઉમેદવારીપત્ર ભરાતાં આ બે બેઠકો બિનહરિફ થશે.

કુડાસણ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૪ની બેઠક માટે ત્રણ મહિલા ઉમેદવારો મેદાનમાં છે. જે ત્રણ ઉમેદવારી પત્ર ભરાયા છે તેમાં વાઘેલા કુસુમબેન રમેશભાઈ, પ્રજાપતિ હિરલબેન પ્રિતેશભાઈ અને પટેલ ભગવતીબેન બાબુભાઈનો સમાવેશ થાય છે.

મહુન્દ્રાની મહિલા સરપંચ માટેની બેઠક માટે પણ ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા છે જેમાં ઠાકોર વીણાબેન નટવરજી, ઠાકોર વર્ષાબેન નરેશજી તેમજ રાવલ જાગૃતિબેન રાજેશકુમારનો સમાવેશ થાય છે.

સોમવારે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે અને મંગળવાર એ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ પેટા-ચૂંટણી ૨૦મી જાન્યુઆરીએ યોજાશે અને ૨૨મી જાન્યુઆરીએ મતગણતરી હાથ ધરવામાં આવશે.

ઉતરાયણનુ પર્વ નજીક આવતા બજારમાં દોરી પતંગનુ વેચાણ શરૂ થઇ ગયુ છે. સેકટરોમા રજાના દિવસોમાં પતંગ રસિયાઓ ધાબે નજરે પડી રહ્યા છે. જયારે ઉતરાયણ પુર્વે જ શહેરમાં દોરી માંજવા તેમજ પતંગની ખરીદી પણ ચાલુ થઇ ગઇ છે.

શહેરના મુખ્યમાર્ગો પર ટ્રીમીંગ બાકી રહેતા જોખમી વૃક્ષોની પણ કટોતી કરાશે

વાઇબ્રન્ટને અનુલક્ષીને મુખ્યમાર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ નમી ગયેલી ડાળીઓની કટોતી : બાકી રહેતા સુકા વૃક્ષો પણ કાપવામાં આવશે

ગાંધીનગર તા ૫

શહેરના મુખ્યમાર્ગો પર વૃક્ષોની ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી વૃક્ષોની લટકતી ડાળીઓ તેમજ ભયજનક વૃક્ષો દુર કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે. નગરના ઘ અને ચ માર્ગ ઉપરાંત ખ માર્ગ પર નમી પડેલા વૃક્ષો તેમજ મોટી ડાળીઓની કટોતી કરવામાં આવી રહી છે. આગામી સપ્તાહમાં ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરમાં વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. નગરના માર્ગો તેમજ વોક વે અને સેન્ટ્રલ વર્જને સુશોભિત કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નગરના માર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાની સફાઇ તેમજ મુખ્યમાર્ગો આસપાસના વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગોની આસપાસ નમી પડેલી તોતિંગ ડાળીઓ ઉપરાંત સ્ટ્રીટ લાઇટના થાંભલાઓને આડશ બનતી ડાળીઓ દુર કરવા માટે કામગીરી હાથ ધરી છે. હાલ નગરના ખ માર્ગ પર ટ્રીમીંગની કામગીરી ચાલી રહી છે. જયારે નગરના ઘ અને ચ માર્ગ ઉપરાંત જ માર્ગ આસપાસના વૃક્ષોનુ પણ ટ્રીમીંગ કરવામાં આવશે. વાઇબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના વી વી આઇ પી મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે.

જયારે મહાનુભાવોના આગમનને ધ્યાને લઇ શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યુ છે. હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે શહેરમાં સુકાયેલા અને જોખમી વૃક્ષોના મામલે પણ અગાઉ સર્વે હાથ ધરાયો હતો. સુકાયેલા અને ભયજનક વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી હતી. આ દરમિયાન જોખમી વૃક્ષો દુર પણ કરાયા હતા. પરંતુ હજુ પણ નગરના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સચિવાલયના પ્રવેશ દ્વાર પાસેના વિસ્તારમાં પણ જોખમી વૃક્ષ હોવાનુ તંત્રના ધ્યાને આવ્યુ છે. જેને અનુલક્ષી ટુંક સમયમાં જોખમી વૃક્ષોને પણ દુર કરવામાં આવશે. વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરના માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ માર્ગ મકાન વિભાગ દ્વારા બોગનવેલના પુષ્પો નિખરે તે માટે રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે.

રાજ્યમાં બે ત્રણ દિવસમાં ઠંડી વધવાની સંભાવના

ગાંધીનગર ખાતે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન સવારે ધુમ્મસની ચાદર રહેતા ઠંડીનો ચમકારો

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં ફુલગુલાબી ઠંડીના માહોલ વચ્ચે કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી ન થતા લોકોએ રાહત અનુભવી છે પરંતુ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. આનો મતલબ એ થયો કે ઉત્તરાયણ પર્વની આસપાસ તીવ્ર ઠંડીનો ચમકારો લોકો અનુભવ કરશે. રાજ્યમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ પાટનગર ગાંધનગરમાં રહ્યો હતો. જ્યાં પારો ૯.૬ ડિગ્રી રહ્યો હતો. જ્યારે આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૧૦.૨ ડિગ્રી રહ્યું હતું. અન્યત્ર વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. અમદાવાદ શહેરમાં આવતીકાલે મહત્તમ તાપમાન આંશિક રીતે ઘટી શકે છે અને પારો ૧૦ની આસપાસ રહી શકે છે. આજે અમદાવાદમાં સવારમાં ધુમ્મસના વાતાવરણના લીધે માહોલ વરસાદી રહ્યો હતો. જોકે વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો હતો. આજે રાજ્યના વિવિધ ભાગોમાં લઘુત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો વલસાડમાં ૧૦.૬, દીવમાં ૧૦.૨, મહુવામાં ૧૧ અને નલિયામાં ૧૨.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા. અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે.

સાંસદ આદર્શ ગ્રામ યોજનાના અમલીકરણમાં ઉદાસીનતા ચર્ચાનો મુદ્દો

પાંચ ગામોની ત્રણ તબક્કામાં પસંદગી થઈ પણ એક જગ્યામાં ૨.૫૦ કરોડના કાર્યો સંપન્ન થયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં કેન્દ્ર સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેકટ સાંસદ આદર્શ ગ્રામની નબળી કામગીરી અત્યંત ચર્ચાસ્પદ બની છે.

રાજકીય વર્તુળોમાં ધીમીગતિએ થઈ રહેલી અમલવારીને લઈ તેણે સારી ચર્ચા જગાવી છે. જિલ્લામાં હજુ સુધી એક જ ગામ સાંસદ આદર્શ ગ્રામ બની શકયું છે. જયારે ચાર ગામોમાં હજુ ધીમી ગતિએ કામગીરી ચાલી રહી છે.

સાંસદ આદર્શ ગ્રામ તરીકે જિલ્લાના પાંચ ગામોની પ્રથમ-બીજા અને ત્રીજા તબક્કામાં પસંદગી થઈ છે. જેમાં રાજપુર-જાખોરા, પાનસર, રામનગર, સામેત્રી અને પોરનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં રાજપુર-જાખોરા ગામમાં રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે વિકાસકામો સંપન્ન કરી દેવામાં આવ્યા છે. અમદાવાદ પૂર્વના સાંસદ પરેશ રાવલે પ્રથમ તબક્કામાં આ ગામને આદર્શ ગામ બનાવવા માટે દત્તક લીધું હતું.

૮મી જાન્યુઆરીએ સાંસદ આદર્શ ગ્રામ અંગે સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૫

આગામી ૮મી જાન્યુઆરીના રોજ સાંસદ આદર્શ ગ્રામની સમીક્ષા માટે વિકાસ કમિશનર દ્વારા એક સમીક્ષા બેઠકનું આયોજન કરાયુ છે. સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં ત્રણ તબક્કામાં ગામોની પસંદગી કરાઈ છે. આ માટે નિયુક્ત થયેલા આજે ઓફિસરોની સમીક્ષા બેઠક પહેલીવાર યોજવામાં આવી રહી છે. સાંસદ આદર્શ ગ્રામ યોજનાના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતા સામે અનેક પ્રશ્નાર્થો ઉભા થતા આ સમીક્ષા બેઠક યોજવામાં આવી રહી હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે.

આ પછી બીજા તબક્કામાં તેમણે દહેગામ તાલુકાના રામગનર અને સામેત્રીને દત્તક લીધા છે. આ ઉપરાંત અમદાવાદ (૫)ના સાંસદ ડૉ. કીરીટ સોલંકીએ પોર ગામને સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ કર્યું છે. તો કલોલ તાલુકાના પાનસર ગામને પણ સાંસદ આદર્શ ગામ તરીકે ડેવલપ કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે પોર ગામે શાળાએ જવાનો રસ્તો જે ચોમાસામાં બાળકોને શાળામાં જવા માટે વિઘ્નરૂપ બનતો હતો તે રસ્તાનું માટીકામ અને પેવરવર્કનું કામ પૂર્ણ થઈ જવા પામ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વાઇબ્રન્ટ સમિટિને અનુલક્ષી તડામારા તૈયારીઓ ચાલી રહી છે. નગરના ચોક્કસ ભાગની કાયાપલટ કરવા તંત્ર કામે લાગ્યુ છે. રંગરોગાન સહીત અન્ય સુશોભનના કામો પણ હાથ ધરાયા છે. રસ્તા, ફુટપાથ અને સેન્ટ્રલ વર્જની સાથે બસ સ્ટેન્ડને પણ કલર કરવામાં આવી રહ્યો છે.

આજે રાજ્યના ૨૪૪૦ કેન્દ્રો પર લોક રક્ષક દળની ભરતી પરીક્ષા

૮.૭૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા સજ્જ : વિદ્યાર્થીઓને લાવવા તેમજ લઈ જવા માટે મફત એસટી બસની સુવિધા : નવા પ્રવેશપત્ર હશે તો જ એન્ટ્રી મળશે

અમદાવાદ, તા.૫

ગુજરાત પોલીસની પેપર લીક થવાના કારણે બીજી ડિસેમ્બરના દિવસે રદ કરવામાં આવેલી લોકરક્ષક દળ (એલઆરડી)ની ભરતી પરીક્ષા આવતીકાલે રાજ્યભરમાં ૨૪૪૦ કેન્દ્રો પર લેવામાં આવનાર છે. આને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કોઈપણ પ્રકારની અનિયમિતતા ન થાય તે માટે આ વખતે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. આ પરીક્ષામાં ૮.૭૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. તમામ વિદ્યાર્થીઓને છ જાન્યુઆરીના દિવસે યોજાનારી પરીક્ષામાં ભાગ લેવા માટે નવા કોલ લેટર એલઆરડી ૨૦૧૮ વેબસાઈટથી અને ઓજસ ગુજરાત વેબસાઈટથી ડાઉનલોડ કરવા માટે કહેવામાં આવ્યું હતું. બીજી ડિસેમ્બરના દિવસે તારીખવાળા કોલ લેટરથી પ્રવેશ આપવામાં આવશે નહીં. છઠ્ઠી જાન્યુઆરીના દિવસના પ્રવેશપત્ર હોવાની સ્થિતિમાં જ પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત એલઆરડી ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયે કહ્યું છે કે એલઆરડી ભરતી માટે નોંધણી કરાવનાર ૮.૭૬ લાખ વિદ્યાર્થીઓમાંથી ૬.૭૬ લાખ વિદ્યાર્થીઓએ છ જાન્યુઆરીની પરીક્ષા માટે નવા કોલ લેટર ડાઉનલોડ કરી લીધા છે. બે લાખ આસપાસ વિદ્યાર્થી બાકી છે જે આ વિદ્યાર્થીઓ પણ હવે કોલ લેટર ડાઉનલોડ કરી ચુકયા છે. તમામને કહેવાયું છે કે નવા પ્રવેશપત્ર લઈને જ પરીક્ષા કેન્દ્રમાં પહોંચવામાં આવે. નવા પ્રવેશપત્ર લીધા વિના પહોંચનારને પ્રવેશ આપવામાં આવશે નહીં. સહાયનું કહેવું છે કે આવતીકાલે યોજાનારી પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવાઈ છે. લેખિત પરીક્ષામાં પણ વધુ સુરક્ષા રાખવામાં આવી રહી છે. ગુજરાત સરકારે ઉમેદવારનો ઘરેથી લઈને પરીક્ષા કેન્દ્ર સુધી જવા માટે તથા ઘરે પરત ફરવા માટે એસટી બસમાં મફત મુસાફરીની વ્યવસ્થા કરી છે.

વાઇબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બનવાના હોવાથી તંત્ર ઉંધા માથે છે. જયાં નજર નાંખો ત્યાં નગરને વાઇબ્રન્ટ લુક આપવા કામગીરી ચાલી રહી છે. વાઇબ્રન્ટ સમિટ દરમિયાન મોટી સંખ્યામાં મુલાકાતીઓ મેગા એકઝીબીશન સેન્ટરમાં આવે છે. જયારે આ અન્વયે મુલાકાતીઓને યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાને અનુલક્ષી જુદા જુદા મેદાનને તૈયાર કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદમાં ૧૭મીથી શોપિંગ ફેસ્ટીવલ

અમદાવાદ,તા.૫

દેશભરમાં સૌપ્રથમવાર વાઇબ્રન્ટ શોપિંગ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝીંગ ફેડરેશન દ્વારા ગુજરાત સરકાર ઈન્ડેક્ષ બી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના સહયોગથી તા.૧૭મી જાન્યુઆરીથી તા.૨૮મી જાન્યુઆરી સુધી અમદાવાદ ખાતે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનુ આયોજન કરવામાં આવ્યું છે. આ શોપિંગ ફેસ્ટિવલમાં આશરે ૨૫૦૦૦થી વધુ વેપારીઓ ભાગ લેશે. આ ઐતિહાસિક અમદાવાદ શોપીંગ ફેસ્ટીવલમાં રીટેઈલર, હોલસેલર અને મેન્યુફેકચરર્સ પણ ભાગ લેશે. આ ફેસ્ટીવલ દરમ્યાન કપડાં, જવેલરી, સ્પા, સલુન,ઓટોમોબાઈલ, રેસ્ટોરેન્ટ, ઈલેકટ્રોનિક્સ,મોબાઈલ ફોન, કીચન એપ્લાયન્સીસ, ફર્નિચર સહિતની તમામ વસ્તુઓ ગ્રાહકોને સરળતાથી અને આકર્ષક ઓફરો સાથે ઉપલબ્ધ બનાવાશે. ખુદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા.૧૭મી જાન્યુઆરીના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ શોપીંગ ફેસ્ટીવલનું વિધિવત્ ઉદ્ઘાટન કરશે. આ ફેસ્ટિવલના ભાગરૂપે શહેરમાં અનેક સ્થળોએ આકર્ષક લાઈટિંગ અને ડેકોરેશન કરવામાં આવશે. તો, ફેસ્ટિવલમાં ગ્રાહકોને આકર્ષક ડિસ્કાઉન્ટની સાથે સાથે રૂ.૧૦ કરોડ સુધીના ઇનામો જીતવાની તક પણ મળશે.

કરૂણા અભિયાન અંતર્ગત વનતંત્ર અને એનજીઓની બેઠક યોજાઈ

ઉતરાયણ દરમિયાન કાતિલ દોરીથી ઘવાતા પક્ષીઓને નવી ઉડાન આપવા કરૂણા અભિયાન : એન જી ઓના ૫૦ સભ્યો સાથે વનતંત્રએ બેઠક કરી

ગાંધીનગર તા ૫

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વ દરમિયાન કાતિલ દોરીથી ઘવાતા નિર્દોષ પક્ષીઓને નવી ઉડાન આપવા માટે કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે. જેમાં વનતંત્ર તેમજ એન જી ઓ સાથે મળીને કામગીરી કરે છે. ઉતરાયણ પર્વ નજીકમાં આવતા વનતંત્ર દ્વારા આ મામલે એન જી ઓ સાથે એક બેઠક યોજવામાં આવી હતી. આગામી દિવસોમાં નગરજનોને દોરીથી રક્ષણ આપતા ગાર્ડનુ પણ વિતરણ કરવામાં આવશે. આકાશને રંગીન બનાવતા ઉતરાયણ પર્વ નજીક આવી રહ્યુ છે. ઉતરાયણના આડે માત્ર હવે એક સપ્તાહનો સમય જ બાકી રહી ગયો હોવાથી પતંગ રસિયાઓ પણ ધાબાઓ સજાવી પર્વની મજા લુંટવાના મુડમાં છે. નગરના શોપિંગ બજારોમાં પતંગ દોરીનુ વેચાણ પણ શરૂ થઇ ગયુ છે. જયારે રજાઓના દિવસોમાં આકાશમાં પતંગ ઉડતા નજરે પડે છે. પરંતુ પતંગ રસિયાઓની મજાની સાથે નિર્દોષ પક્ષીઓ માટે ઉતરાયણ પર્વ કાતિલ પુરવાર થાય છે. પતંગના પેચા લગાવતી દોરીના લીધે નભમાં વિહરતા પક્ષીઓની પાંખ કપાઈ જવાના પણ અનેક કિસ્સા નોંધાતા હોય છે. આ ઉપરાંત પક્ષીઓ પણ મોતને ભેટતા હોવાનુ ધ્યાને આવે છે .જેથી ઉતરાયણના પર્વ દરમિયાન વહેલી સવારે અને સાંજના સમયે પતંગ ન ચગાવવા માટે પણ જાણકારો સલાહ આપી રહ્યા છે. બીજીતરફ ઘાયલ પક્ષીઓની સારવાર માટે નગરની સેવાભાવી સંસ્થાઓ પણ કામે લાગે છે. વનતંત્ર સાથે એન જી ઓ મળીને કરૂણા અભિયાનને સાર્થક બનાવે છે. ઘાયલ પક્ષીઓને સેવા કેન્દ્ર ખાતે પહોંચાડી તેની સારવાર કરીને ગગનમાં નવી ઉડાન ભરાવાનુ ઉમદા કામ પણ આ દરમિયાન કરવામાં આવે છે. જેમાં એન જી ઓના સ્વયંસેવકોની ટીમ તેમજ વનતંત્રના અધિકારીઓ ઉપરાંત વેટરનરી ડોકટર્સની ટીમ પણ સ્ટેન્ડ ટુ રહે છે. ઉતરાયણ પર્વ નજીકમાં આવતા વનતંત્ર અને એન જી ઓના ૫૦ જેટલા સભ્યોની આજે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં કરૂણા અભિયાનની કામગીરી વધુ અસરકારક રીતે કરવા માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આગામી દિવસોમાં કાતિલ દોરીથી બચવા માટે નગરજનોને ગાર્ડનુ પણ વિતરણ કરવામાં આવશે.

ઉમરેઠ વિસા ખડાયતા બેસણું
અમારા પૂજ્ય શ્રી નવનીતલાલ કેશવલાલ શાહ
(ચક્ષુદાતા) નિવૃત્ત અધિક્ષક ઈજનેર, સિંચાઈ વિભાગ, ગુજરાત, તા. ૫-૧-૨૦૧૯ના રોજ શ્રીજીચરણ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૬-૧-૨૦૧૯, રવિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : સુભારતી હોલ, સી.કે. ખડાયતા છાત્રાલય, ગુલબાઈ ટેકરા, અમદાવાદ.
લિ. નિર્મળાબેન નવનીતલાલ શાહ
સેજલ પિયૂષભાઈ શાહ — પિયૂષભાઈ નવનીતલાલ શાહ
અંજનાબેન રજનીકાંત ગાંધી — રજનીકાંત બાબુલાલ ગાંધી
સોનલબેન કેતનકુમાર તલાટી — કેતનકુમાર મફતલાલ તલાટી
મૈત્રી યશ શાહ — યશ પિયૂષભાઈ શાહ

તાત્કાલીક વેચવાની છે
વિદેશ જવાનું હોવાથી ટાઈટલ ક્લીયર, BU, બેંક લોન તથા રેડી પઝેશનવાળી : બેંક, શોરૂમ, રેસ્ટોરેન્ટ, હોટલ, હોસ્પિટલ, સુપર માર્કેટ, દુકાન, ઓફીસ લાયક જગ્યા
પોલીટેકનીક સામે, ડી-માર્ટ નજીક, ટાટા ચોકડી, સેક્ટર-૨૫, ગાંધીનગર. સંપર્ક : 88 66 11 44 88

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com